રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર સંચાલિત
**યુનિવર્સીટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર**
જૂની કેન્ટીન બિલ્ડીંગ, વી.એન.એસ.જી.યુ. કેમ્પસ, ઉધના
મગદલ્લા રોડ, સુરત
ફોન નં. ૦૨૬૧ _ ૨૨૨૭૩૭૩
WEBSITE :-www.employment.gujarat.gov.in
E-mail:- uebsurat901@gmail.com

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

National Career Service

ક્રમાંક: 2580/UEB/સુરત/2020 તા.: 08-09-2020

પ્રતિ,
માન. કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત.

વી. ન. દ. ગુ. યુનિ. સુરત
આવક નં. 8282
તારીખ 22-9-2020

વિષય: <u>રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવવા બાબત</u>

શ્રીમાન,

સવિનય સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, પ્રવર્તમાન સમયમાં રોજગારી ક્ષેત્રે આવી રહેલ પરિવર્તનોને પહોંચી વળવા સુસંગત બાબતોમાં વિદ્યાર્થીઓ પારંગત બને તે અનિવાર્ય છે. તેમજ આ બાબતના અસરકારક અમલ માટે સરખા ઉદેશ્યને લઇ યુનીવર્સીટી, શૈક્ષણિક/ તાલીમી સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, ઔદ્યોગિક એકમો તેમજ જાહેર સંસ્થાનું પારસ્પરિક જોડાણ એટલુ જ મહત્વનું બને છે.

આજ ઉદેશ્યની પરિપૂર્તિ માટે દક્ષીણ ગુજરાતના વિદ્યાર્થીઓ/ઉમેદવારો સંબંધિત જીલ્લા રોજગાર કચેરીઓ ખાતે તેમજ એન.સી.એસ. પોર્ટલ પર નામ નોંધણી કરાવી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ થતી પ્રવૃતિઓનો લાભ મેળવે તે જરૂરી છે. જેથી આપની યુનિવર્સીટીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી કોલેજો અને અનુસ્નાતક વિભાગ સંબંધિત જીલ્લા કચેરીનો સંપર્ક કરી દર વર્ષે નામ નોંધણી અંગે વેબીનાર/ સેમીનાર તેમજ નામ નોંધણી કેમ્પનું આયોજન કરે તેવી વ્યવસ્થા કરી આપવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો સહકાર હંમેશા મળતો રહ્યો છે, તેવા જ સહકારની અપેક્ષા સહ.

આભાર.

આપનો વિશ્વાસુ

નાયબ વડા
યુ.ઈ.બી., સુરત

<u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત</u>

પ્રતિ,
(૧) યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ
(૨) યુનિવર્સિટી ખાતે ચાલતાં તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ
(૩) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
... જાણ તથા ઘટતું થવા સારું...

ક્રમાંક: પ્લેસમેન્ટ સેલ/૮૫૮૧/૨૦૨૦
તા. ૩૦/૦૯/૨૦૨૦

ઈ.ચા.કુલસચિવ

# મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, સુરત.

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા
રોજગાર-કચેરીની સેવાનો લાભ લેવા ઈચ્છુક રોજગારવાંચ્છુઓ તથા નોકરીદાતાઓ માટે ડીઈટી વેબ પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

રોજગાર કચેરી ખાતે રોજગારવાંચ્છુ તરીકે નામ–નોંધણી કરાવવા ઈચ્છુક ઉમેદવારોએ તેઓની નામ–નોંધણી નિયામકશ્રી, રોજગાર અને તાલી
નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના વેબ–પોર્ટલ ઉપર ઓનલાઈન કરાવવાની રહેશે.

:: ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાની રીત ::

| | |
|---|---|
| STEP-1 | નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત **વેબ પોર્ટલ** **http://employment.gujarat.gov.in** **વેબસાઈટ ઓપન કરવી.** |
| STEP-2 | **Click on "JOB SEEKER LOGIN" ના બટન ઉપર ક્લીક કરવું.** |
| STEP-3 | In "JOB SEEKER LOGIN" Menu<br>If you are not a registered User,<br>Please Click on "New Job Seeker"<br>ઉપર ક્લીક કરતા તમો રોજગાર કચેરી ખાતે નવી નામ–નોંધણી કરાવી શકો છો. |
| STEP-4 | JOB SEEKER REGISTRATION INSTRUCTION માં<br>Use Services & help of exchange<br>ઓપ્શન સીલેકટ કરીને Start Registration બટન ઉપર ક્લીક કરવું. |
| STEP-5 | **ધોરણ ૧ થી ૧૨ પાસ, અથવા સ્નાતક અથવા ડિપ્લોમા અથવા આઈ.ટી.આઈ. પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓએ**<br>○ **DISTRICT EMPLOYMENT EXCHANGE**<br>**ઓપ્શન સીલેકટ કરીને SUBMIT બટન ઉપર ક્લીક કરવું.**<br>**અનુસ્નાતક–એમ.એ./એમ.એસ.સી./એમ.કોમ.,વિ.,તેમજ બી.ઈ.(બેચલર ઓ એન્જીનીયરીંગ) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓએ**<br>○ **UNIVERSITY EMPLOYMENT BUREAU ઓપ્શન સીલેક કરવાનું રહેશે.** |
| STEP-6 | **CANDIDATE REGISTRATION માં જઈ દરેક રોજગારવાંચ્છુઓ આપેલ ફોર્મ બરાબર ભરી (FILL UP કરી) Temporary Registration Card ની પ્રિન્ટ કાઢીને સંબંધિત રોજગાર કચેરી ખાતે ૦૧(એક) માસ(૩૦ દિવસ)ની અંદર રૂબરૂ સંપર્ક કરી કાયમી નોંધણી નંબર ધરાવ રોજગાર નોંધણી કાર્ડ**<br>**(Employment Registration Card) મેળવી લેવાનું રહેશે.** |

**ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા અથવા ડિપ્લોમા અથવા આઈ.ટી.આઈ. પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓએ તેઓએ મેળવેલ તમામ શૈક્ષણિક લાયકાતન નોંધ વેબપોર્ટલમાં દર્શાવેલ ફોર્મમાં કરવાની રહેશે.**

**(૧) અગત્યની નોંધઃ–** સુરત જીલ્લાના **અનુસૂચિત જનજાતિના** રોજગારવાંચ્છુઓએ ઓન લાઈન **Temporary Registration Card ની પ્રિન્ટ કાઢીને** નગર રોજગાર કચેરી, ટ્રાયબલ સબ પ્લાન કર્વાટર, આઈ.ટી.આઈ.ગેટની સામે, કીમ રોડ, મુ.પો.માંડવી, તા.માંડવી, જી.સુરતનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. નગર રોજગાર કચેરી, માંડવી, જી.સુરતનો ફોન નંબર :– ૦૨૬૨૩–૨૨૧૧૫૮.

**(૨) અગત્યની નોંધઃ–** સુરત જીલ્લાના **અનુસ્નાતક** (એમ.એ.,એમ.કોમ.,એમ.એસ.સી.,વિ.), બી.ઈ.(બેચલર ઓફ એન્જીનીયરીંગ) ની **શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓએ** યુનિવર્સિટી રોજગાર, માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, જુની કેન્ટીન બિલ્ડીંગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ નો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.
યુનિવર્સિટી રોજગાર, માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર,સુરતનો ફોન નં.૦૨૬૧–૨૨૨૭૩૭૩.

# ** ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની રીત **

| | |
|---|---|
| STEP- 1 | HTTP://EMPLOYMENT.GUJARAT.GOV.IN<br>આપેલ લીંક ઓપન કરો |
| STEP- 2 | **"JOB SEEKER LOGIN"** પર ક્લિક કરો |
| STEP- 3 | LOGIN ની નીચે **"NEW JOB SEEKER LOGIN"** પર ક્લિક કરો |
| STEP- 4 | **"Use services & help of exchange (This includes verification by exchange) "**<br>વિકલ્પ પસંદ કરી **"Start Registration"** પર ક્લિક કરવું |
| STEP- 5 | ○ **"UNIVERSITY EMPLOYMENT BUREAU"** વિકલ્પ પસંદ કરવું |
| STEP- 6 | **CANDIDATE REGISTRATION** માં જઈ દરેક રોજગારવાંચ્છુઓએ આપેલ ફોર્મ બરાબર ભરી **"TEMPORARY REGISTRATION CARD"** ડાઉનલોડ કરી આ TEMPORARY રજીસ્ટ્રેશન કરીએ ૩૦દિવસમાં રૂબરૂ સંપર્ક કરી કાયમી નોધણી નંબર ધરાવતું રોજગાર નોધણી કાર્ડ (EMPLOYMENT REGISTRATION CARD) મેળવી લેવાનું રહેશે |

Office Phone Num: 0261-2227373

Office Mail ID:- uebsurat901@gmail.com

# મદદનીશ નિયામક(રોજગાર)કચેરી,સુરત
## મોડલ કેરીયર સેન્ટર,સુરત

Government of Gujarat

## શું તમે ધો.૧૦,ધોરણ-૧૨,આઇ.ટી.આઇ,સ્નાતક-અનુસ્નાતક પાસ છો?

તો આજે જ રોજગાર કચેરી સુરત / VNSGU યુનિવર્સિટી ખાતે [illegible] નામ નોંધણી કરાવો

**ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાની રીત**

↓

## http://employment.gujarat.gov.in

↓

## Cliek on " Job Seeker Login"Menu

↓

**JOB SEEKER INSTRUCTION**

If you have done Master Degrees or professional degree like B.E, B.Pharm, M.E, M.B.A, M.Pharm, M.Ed, M.A, M.Phil M.Com., M.Sc., etc. then select UNIVERSITY EMPLOYMENT BUREAU in District/UEB Office field otherwise select DISTRICT EMPLOYMENT EXCHANGE.

District / UEB Office : ◉ DISTRICT EMPLOYMENT EXCHANGE ○ UNIVERSITY EMPLOYMENT BUREAU

Submit

**નોંધ :** (૧) આ Temporary Registration Card ની પ્રિન્ટ કાઢી ઓરીજનલ શૈક્ષણિક પ્રમાણપત્ર,જાતિનો દાખલો,સ્કુલ લિવિંગ પ્રમાણપત્ર સાથે ધોરણ ૧૦ અને ૧૨ અને આઇ.ટી.આઇ અને સ્નાતક પાસ ઉમેદવારો બહુમાળી બિલ્ડીંગ , સી-બ્લોક,૫-મો માળ,નાનપુરા-સુરત ખાતે જઇ ઓરીજનલ રોજગાર નોંધણી કાર્ડ મેળવી શકશે, ST જાતિમાં સમાવિષ્ટ યુવાનો નગર રોજગાર કચેરી,માંડવી ખાતે નોંધની કરી શકશે

(૨) અનુસ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારે યુનિવર્સિટી રોજગાર,માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર VNSGU યુનિવર્સિટી, કેન્ટીનની બાજુમાં,મગદલા રોડ-સુરત ખાતે નોંધણી કરાવી શકે છે.

-:: વધુ માહિતી માટે સંપર્ક ::-

(૧) બહુમાળી બિલ્ડીંગ , સી-બ્લોક , ૫ મો માળ,નાનપુરા-સુરત

(૨) મોડલ કેરીયર સેન્ટર,એ.વી.ટી.એસ.બિલ્ડીંગ,આઇ.ટી.આઇ.કેમ્પસ,મજુરાગેટ-સુરત

(૩) યુનિવર્સિટી રોજગાર,માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર VNSGU યુનિવર્સિટી, કેન્ટીનની બાજુમાં,મગદલા રોડ-સુરત

A Government of India initiative for Jobseeker/ Student

# NATIONAL CAREER SERVICE

Government of India Initiative
Ministry of Labour & Employment
www.ncs.gov.in

- Services offered to you by National career service
- Search and apply for jobs FREE
- Get access to information on training/skill programs FREE
- Search and book appointment with Career Counsellor FREE
- Participation in events and job fairs FREE

National Career Service
सही अवसर, सही समय
Right Opportunities, Right Time

## NCS brings together

- Career Centers
- Jobseeker Registration
- Get career guidance from career counsellor
- Skill Providers with career building courses
- Employer Registration

# Model Career Centre

1 st Floor, ITC Building, ITI Campus, Tarsali, Vadodara, Gujarat.
Office Tel:-0265-2631326
**Timing 10:30 am to 6:10 pm**
Email. ypmcc.vadodra@gmail.com

**Toll free Helpline for National Career service**

**1800-425-1514**
Timing: Tue-Sun 08:00 AM to 08:00 PM

# શ્રમ અને રોજગાર વિભાગ

## ગુજરાત સરકાર

# રોજગાર અને તાલીમ નિયામકની કચેરી

कौशलम् बलम्

**(An ISO 9001:2008 Certified Organisation)**

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ત્રીજો માળ, ગાંધીનગર-૩૮૨૦૧૦

રાજયના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગાર વિષયક સેવા પુરી પાડવાની કામગીરી માટે ગુજરાતમાં ૩૩ જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓ, ૦૮ યુનિવર્સીટી એમ્પ્લોયમેન્ટ બ્યુરો, ૦૪ નગર રોજગાર કચેરીઓ (અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે) તથા ૦૨ મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી (અમદાવાદ અને જામનગર) મળી કુલ ૪૭ કાર્યરત છે. જે ISO:9001:2008 સર્ટીફાઈડ છે. રોજગાર કચેરીઓની તમામ સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. જે નીચે મુજબ છે.

## ઉમેદવારોની નામ નોંધણી

રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવવા માટે જન્મતારીખ અંગેનું પ્રમાણપત્ર, અભ્યાસના ગુણપત્રક/પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તેવા કિસ્સમાં) તથા તાલીમ અગર અનુભવ મેળવેલ હોય તો તે અંગેના તમામ પ્રમાણપત્રો અસલ રજૂ કરવાના હોય છે. નામનોંધણી રૂબરૂ મુલાકાત/ઓનલાઈન કરાવી શકાય છે. આ ઉપરાંત નામ નોંધણી અને માર્ગદર્શન કેમ્પ મહિનાના ચોકકસ દિવસોએ જિલ્લાઓના તાલુકા મથકે પણ યોજવામાં આવે છે. સમયપત્રક જાણવા સબંધિત રોજગાર [illegible]રીનો સંપર્ક કરવો.

## નામ નોંધણી તાજી કરવી

રોજગાર સહાય અર્થે નામ નોંધણી કરાવ્યા બાદ દર ત્રણ વર્ષે નોંધણી તાજી કરાવવાની હોય છે. રોજગાર વાંચ્છુ રૂબરૂ મુલાકાત લઈ શકે તેમ ન હોય તો ટપાલ દ્વારા નોંધણી તાજી કરાવી શકાય છે. રોજગારવાંચ્છુએ જે માસમાં નામનોંધણી કરાવી હોય તેના ત્રણ વર્ષ પછીના તે જ માસમાં નામ નોંધણી તાજી કરાવવાની રહે છે આ સમયગાળામાં વધુમાં વધુ બે માસની છુટછાટ આપવામાં આવેલી છે.

## ખાલી જગ્યાઓ સામે લાયક ઉમેદવારોની ભલામણ કરવી

નોકરીદાતાઓ તરફથી મળેલ ખાલી જગ્યાઓ સામે નોકરીદાતાએ દર્શાવેલ લાયકાત, અનુભવ, વય મર્યાદા ધરાવતા રોજગારવાંચ્છુઓની ૦૧ જગ્યા સામે ૩૦ની સંખ્યામાં ઉમેદવારની નોંધણીના ક્રમાનુસાર યાદી પુરી પાડવામાં આવે છે.

## ઔદ્યોગિક ભરતીમેળાઓ (જોબફેર)

રોજગાર કચેરીઓ દ્વારા રાજયમાં આવેલી ઔદ્યોગિક એકમોના સહયોગ/સંકલન દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા, એપ્રેન્ટીસ ભરતીમેળા યોજીને રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની વિશાળ તકો પુરી પાડવામાં આવે છે.

## શાળા-કોલેજોમાં કારકીદી માર્ગદર્શન અને કેરીયર કોર્નર

શાળા/કોલજોમાં કારકીદી વાર્તાલાપ/પ્રદર્શન દ્વારા યોગ્ય માહિતી અને માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે. રાજયની ૨૦૦૦ જેટલી શાળા કોલેજોમાં કરીયર કોર્નર દ્વારા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસની સાથે, કારકિર્દી શિક્ષક/અધ્યાપક દ્વારા વ્યવસાય, અભ્યાસ અને કારકિર્દલક્ષી માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

## રોજગાર કચેરી ખાતે શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગર્શન

ઉમેદવારોને જૂથ/વ્યકિતગત માર્ગદર્શન તથા કેરીયર કાઉન્સેલીંગ સેવાઓ અપાય છે. કચેરીઓ ખાતે કેરીયર ગાઈડન્સનું સાહિત્ય પણ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ, ઉમેદવારોને રૂબરૂ અથવા ટપાલીથી શૈક્ષણિક અભ્યાસક્રમો અને સંસ્થાઓની માહિતી, જુદી જુદી ભરતી એજન્સી દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, તાલીમની સવલતો, શિષ્યવૃતિઓ વગેરે આધારભૂત માહિતી આપવામાં આવે છે.

## વિના મૂલ્યે એસ.ટી.કુપન

નોકરીદાતા તરફથી નોંધાયેલ ખાલી જગ્યા સામે રોજગાર કચેરી દ્વારા ભલામણ પામેલ રોજગારવાંચ્છુ ઉમેદવારોને નોકરીદાતા ઈન્ટરવ્યુમાં બોલાવે ત્યારે ઉમેદવારના રહેઠાણથી ઈન્ટરવ્યુના સ્થળે જવા તથા પરત આવવા માટે રાજય પરિવહન બસમાં વિનામૂલ્યે મુસાફરી માટે રોજગારી કચેરી દ્વારા કુપન આપવામાં આવે છે.

## સ્વરોજગાર માર્ગદર્શન

સવેતન રોજગારીના વિકલ્પે, રાજય સરકારની સ્વરોજગારલક્ષી વિવિધ યોજનાઓનો લાભ મેળવી, સ્વરોજગાર કરવા પ્રેરિત થાય તે માટે, રોજગાર કચેરીઓ દ્વારા, સ્વરોજગાર યોજનાઓના અમલ કરતી કચેરી/સંસ્થાઓના સહયોગથી સ્વરોજગાર પ્રેરક શિબીરોનું જીલ્લા અને તાલુકા કક્ષાએ આયોજન કરવામાં આવે છે. જેમાં સ્વરોજગાર યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

## સંરક્ષણ ભરતી માટેની નિવાસી તાલીમ

રાજયના તમામ જિલ્લાઓ ખાતે લશ્કરમાં તથા અર્ધ લશ્કરી દળો, પોલીસ તથા સિકયુરીટી ક્ષેત્રમાં જોડાવા ઈચ્છુંક ઉમેદવારો માટે રહેવા જમવાની સગવડ સાથે શારીરિક અને બૌદ્ધિક ક્ષમતા, મેડીકલ યોગ્યતા, લેખિત પરીક્ષામાં આવરી લેવાતા વિષયો અને વ્યાપને આવરી લેતું પ્રશિક્ષણ આપતા વિષયોના વિષય નિષ્ણાતો/ફીઝીકલ ટીચરના સહયોગથી વિનામુલ્યે ૩૦ દિવસની નિવાસી તાલીમ પૂરી પાડવામાં આવે છે.

## મોડલ કરીયર સેન્ટર (Model Career Centre)

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રોજગાર બજારની માંગને અનુરૂપ કેરીયર કાઉન્સીલીંગ અને વ્યવસાય માર્ગદર્શનની મુખ્ય પ્રવૃત્તિઓને કેન્દ્ર સ્થાને રાખી તમામ રોજગાર વિનીમય કચેરીઓ કરીયર સેન્ટરમાં પરીવર્તિત થશે. આ ઉદેશ સાથે કાર્યરત થનાર કેરીયર સેન્ટર ખાતે તજજ્ઞ કેરીયર કાઉન્સીલરોની સેવાઓ ઉપલબ્ધ કરાવાશે. તથા રોજગાર દાતા અને રોજગાર ઈચ્છુક ઉમેદવારોને પણ વેબ પોર્ટલ આધારીત સેવાનું આદાન પ્રદાન કરાશે. (www.ncs.gov.in) Tel No. 1800-425-1514 (8.00 a.m. to 8.00 p.m.)

## વિદેશ-રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (Overseas Employment and Career Information Center)

રોજગાર સેવાના વિસ્તરણને અનુલક્ષીને અમદાવાદ, વડોદરા ખાતે ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફર્મેશન સેવા કાર્યરત કરવામાં આવેલ છે. આ કેન્દ્રોના માધ્યમથી રાજયના યુવાનોને વિદેશમાં વધુ અભ્યાસ તથા રોજગારીની તકોથી માહિતગાર કરવા સેમીનારનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિદેશ જવા માટે અનુસરવી પડતી પ્રક્રિયા જેવી કે પાસપોર્ટ/વીઝા મેળવવાની પ્રક્રિયા, વિદેશમાં અભ્યાસ માટે નામાંકિત યુનિવર્સિટીઓ, અભ્યાસ માટેની ફી, આવશ્યક નાણાંકીય ભંડોળ તથા રોજગારી સંબંધિત માહિતી પુરી પાડવામાં આવે છે. વિદેશ જવાના હેતુ માટે જરૂરી એવી ભાષા ક્ષમતા માટેની IELTS, TOEFL જેવી પરીક્ષાઓ માટે વિસ્તૃત માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે. તથા રોજગાર કચેરી ખાતે અને યુનિવર્સીટી/કોલેજોમાં સેમીનારનું આયોજન કરવામાં આવે છે.

## ઈમ્પેકસ-બી (eMPEX-b)

રાજયની રોજગાર સેવાઓનો વ્યાપ વધારવાના અભિગમ સાથે વર્ષ-૨૦૧૪-૧૫ થી Empex-B નામની સ્વાયત સંસ્થાના માધ્યમથી, પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના અભિગમ સાથે નોકરીદાતાઓ અને રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની ONLINE સેવાઓ વેબ પોર્ટલની મદદથી પુરી પાડવા સાથે, ઔદ્યોગિક તથા ખાનગીક્ષેત્રની રોજગારી માટે જોબ ફેરનું આયોજન, સંરક્ષણક્ષેત્રની ખાલીજગ્યાઓ માટે લશ્કરી ભરતી મેળા, રોજગાર ઈચ્છુંક ઉમેદવારોની રોજગાર ક્ષમતા વધે તે માટે સરકારી, અર્ધસરકારી ક્ષેત્રની રોજગારી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગ નું આયોજન, ઉપરાંત વિદેશમાં રોજગારીની તકોને અનુલક્ષીને વિદેશ જવા ઈચ્છુંક ઉમેદવારો માટે IELTS તથા TOEFL જેવી પરીક્ષાઓની તાલીમ તથા કારકિર્દી તેમજ વ્યવસાયલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે રાજયના પ્રત્યેક જિલ્લા ખાતે કાઉન્સેલીંગ સેવા પૂરી પાડવામાં આવે છે.

## માહિતીસહ માર્ગદર્શક સંપર્ક

સંબધિત જીલ્લા રોજગાર વિનિમય કચેરીઓના સંપર્ક થી મેળવી શકાશે.

## સુરત રીજીયનની રોજગાર કચેરીઓની માહિતી

| | | |
|---|---|---|
| મદદનીશ નિયામક (રોજગાર) કચેરી<br>સી-૫, બહુમાળી મકાન, નાનપુરા, સુરત.<br>ફોન નં. ૦૨૬૧-૨૪૬૦૪૧૬ | જીલ્લા રોજગાર કચેરી<br>ગ્રાઉન્ડ ફલોર, કલેકટર કચેરી સંકુલ, ભરૂચ.<br>ફોન નં. ૦૨૬૪૨-૨૬૦૭૦૨ | જીલ્લા રોજગાર કચેરી<br>જીલ્લા સેવાસદન, બીજા માળે, રાજપીપળા, જી.નર્મદા.<br>ફોન નં. ૦૨૬૪૦-૨૨૦૨૬૬ |
| જીલ્લા રોજગાર કચેરી<br>દાદરી ફળીયા, વ્યારા, જી. તાપી<br>ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૨૮૯ | જીલ્લા રોજગાર કચેરી<br>જીલ્લા સેવાસદન, બીજો માળ, જુના થાણા, નવસારી.<br>ફોન ન. ૦૨૬૩૭-૨૩૪૭૨૩ | જીલ્લા રોજગાર કચેરી<br>જીલ્લા સેવાસદન, બ્લોક એ, ૪થો માળ, વલસાડ.<br>ફોન ન. ૦૨૬૩૨-૨૪૪૪૦૯ |
| જીલ્લા રોજગાર કચેરી<br>આહવા-ડાંગ<br>ફોન નં. ૦૨૬૩૧-૨૨૦૩૯૩ | નગર રોજગાર કચેરી<br>વજીર ફળીયું, માંડવી, જી. સુરત.<br>ફોન નં. ૦૨૬૨૩-૨૨૧૧૫૮<br>સુરત જીલ્લાના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | નગર રોજગાર કચેરી<br>મુ.પો. સોનગઢ, તા. સોનગઢ, જી. તાપી<br>ફોન નં. ૦૨૬૨૪-૨૨૧૨૧૨<br>તાપી જીલ્લાના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે |
| નગર રોજગાર કચેરી<br>મુ.પો. ધરમપુર, તા. ધરમપુર, જી. વલસાડ.<br>ફોન નં. ૦૨૬૩૩-૨૪૨૦૯૩<br>વલસાડ જીલ્લાના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | યુનિવર્સિટી રોજગાર, માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર<br>કેન્ટીગ બિલ્ડીંગ નીચે, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,<br>ઉધના મગદલ્લા રોડ, સુરત. ફોન નં. ૦૨૬૧-૨૨૨૭૩૭૩<br>દક્ષિણ ગુજરાતના તમામ જીલ્લાના અનુસ્નાતક / અંન્ડરગ્રેડ સ્નાતક ઉમેદવારો માટે | નાયબ નિયામક (રોજગાર)ની પ્રાદેશિક કચેરી<br>સી-૨, બહુમાળી મકાન, નાનપુરા, સુરત.<br>ફોન નં. ૦૨૬૧-૨૪૬૫૮૧૨ |

**<u>Contact details of Represtative of Employment offices of South Gujarat</u>**

| Sr. No. | District Name | Contact Person Name | Contact No. | Office No. |
|---|---|---|---|---|
| 1 | Surat | Sh. Bipin Mangukiya | 9510647806 | 0261-2460416 |
| 2 | Bharuch | Sh. Pintubhai Rabari | 9925230330 | 02642-260702 |
| 3 | Narmada | Dr. Janak Pandya | 7819019143 | 02640-220266 |
| 4 | Navsari | Sh. Laxman Sardhara | 9913553733 | 02637-234723 |
| 5 | Tapi | Sh. Vinod Marathe | 9510452532 | 02626-220289 |
| 6 | Valsad | Sh. Dipesh Bhoye | 9687021593 | 02632-244409 |
| 7 | Dang | Sh. Jayesh Bharad | 9574639995 | 02631-220393 |
| 8 | UEB- Surat | Ku. Dharini Gohil | 9726991657 | 0261-2227373 |